પોતાને સાઈબર એક્સપર્ટ ગણતા આરોપી તરલ ભટ્ટે ત્રણ મોબાઈલ ફોન, પેનડ્રાઈવ જ ગાયબ કરી દીધી

મહાતોડકાંડ : ટેક્નિકલ પુરાવાનો નાશ થઈ ગયા બાદ હવે તપાસનો 'ધમધમાટ'

એટીએસ તપાસમાં ગોથે ચડી, બેંક ખાતા અનફ્રીઝ થયા હોય તેવા લોકોના નિવેદન લેશે ?

। અમદાવાદ ।

ફ્રિઝ કરેલા બેંક ખાતા અનફ્રિઝ કરવા માટે લાખો રૂપિયાની તોડ કરવાની જૂનાગઢ પોલીસની મોડસ ઓપરેન્ડીની તપાસ કરી રહેલી એટીએસને આરોપીએ ફાંફે ચડાવી દીધી છે. સાઈબર એક્સપર્ટ ગણાતા સસ્પેન્ડેડ પીઆઈ તરલ ભટ્ટે પોતાની ધરપકડ પહેલા આ કેસના મહત્ત્વના પુરાવા ગણાતા ટેક્નિકલ ઈક્વીપમેન્ટ ગાયબ કરી દીધા છે. આરોપીએ ત્રણ મોબાઈલ ફોન અને મહત્ત્વના ડેટા સાથેની બે પેન ડ્રાઈવ ગૂમ કરી દેતા એટીએસના અધિકારીઓ પાસે હવે કોઈ રસ્તો બચ્યો નથી. ગુજરાત એટીએસ હવે તોડકાંડનો આંકડો શોધવા માટે ૩૮૬ બેંક એકાઉન્ટ ધારકોમાંથી ૩૬૦ બેંક એકાઉન્ટ ફ્રિઝ થયા તેવા લોકોને બોલાવી તેમના નિવેદન લે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે. આ લોકોના નિવેદન પરથી સ્પષ્ટ થશે કે કોની પાસે કેટલી રકમ માગવામાં આવી તેમજ એકાઉન્ટ અનફ્રિઝ કરવા માટે કોણે કેટલી રકમ ચૂકવી છે. પોલીસ ફરિયાદમાં બેંક ખાતું અનફ્રિઝ કરાવવા માટે અગાઉ લોકો ૨૦-૨૦ લાખ ચૂકવી ગયાની વિગતો કાર્તિક ભંડારીને ASI દીપક જાનીએ જણાવી હતી. એટીએસની તપાસમાં હજુ સુધી કેટલા લોકો પાસેથી કેટલા રૂપિયા પડાવવામાં આવ્યા તે બહાર આવ્યું નથી.

ગુજરાત એટીએસએ તરલ ભટ્ટની ધરપકડ કરી ૧૪ દિવસના રિમાન્ડની માગણી કોર્ટ સમક્ષ કરતા ચાર દિવસના રિમાન્ડ આપવામાં આવ્યા હતા. રિમાન્ડની માગણી કરતી એટીએસએ આરોપી ગોળ ગોળ જવાબ આપતો હોવાનું અને સમય પસાર કરતો હોવાનું જણાવ્યું હતું. સાઈબર એક્સપર્ટ અધિકારી તરીકે ગુજરાત પોલીસમાં જાણીતા પીઆઈ તરલ ભટ્ટે આ કેસમાં પોતાના બચાવ માટે ધરપકડ થાય તે પહેલાં મહત્ત્વના પુરાવા ગાયબ કરી દીધા હતા. એટીએસએ આરોપીની ધરપકડ કરી ત્યારે તેની પાસેથી નવો ખરીદેલો મોબાઈલ ફોન સિમકાર્ડ વગરનો મળ્યો હતો. આમ અગાઉ જે ત્રણ મોબાઈલનો આરોપીએ ઉપયોગ કર્યો, તે ગાયબ હતા. આ ઉપરાંત બેંક એકાઉન્ટ ફ્રિઝ કર્યા તેનો ડેટા તેમજ બેંક તરફથી આવેલા ફ્રિઝ કરેલા બેંક ખાતાના કેવાયસી ડેટા પણ તરલ ભટ્ટે પેન ડ્રાઈવમાં રાખ્યા હતા. આ તમામ ડેટા સાથેની બે પેન ડ્રાઈવ તેમજ ત્રણ મોબાઈલ ફોન ગાયબ થતાં એટીએસ ફાંફે ચડી છે.

વર્ચ્યુઅલ નંબરથી વાત કર્યાની વિગતો મળી પુરાવા ગાયબ

સસ્પેન્ડેડ પીઆઈ તરલ ભટ્ટે ઘણાબધા વર્ચ્યુઅલ નંબરથી અનેક લોકો સાથે વાત કર્યાની વિગતો એટીએસને મળી છે. એટીએસના અધિકારીઓ આ વર્ચ્યુઅલ નંબરની વિગતો મેળવવા અને કોની કોની સાથે વાત કરી તે મેળવવાના પ્રયાસમાં લાગી છે. જોકે, આ મામલે પુરાવા ગાયબ થઈ ગયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, કોલ સેન્ટરનો સંચાલક વિશાલ આરોપીના સંપર્કમાં હોવાનું અને રાજ્યમાં પોલીસ બેડામાં મોટી વગ ધરાવતો હોવાની વિગતો મળી છે. તેનો ભાઈ પણ મોટા મોટા સિક્યુરિટી કોન્સ્ટ્રાક્ટ મેળવતો હોવાની વિગતો મળી છે. બેંક એકાઉન્ટ ફ્રિઝ કેસમાં વિશાલના રોલ અંગે તપાસ થઈ રહી છે.

૨૪ કલાકમાં નવા ૧૧ કેસ, એક્ટિવ કેસ ૬૧

રાજ્યમાં કોવિડના નવા વેરિએન્ટ જેએન.૧ના કેસ ૮૦ને પાર થયા

। અમદાવાદ ।

ગુજરાતના કોરોનાના નવા વેરિએન્ટ જેએન.૧ના કેસો ૮૦ને પાર થયા છે. દેશમાં નવા વેરિએન્ટના સૌથી વધુ કેસ મામલે ગુજરાત સાતમા ક્રમે છે. પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૪૫૧ કેસ અને બીજા ક્રમે કર્ણાટકમાં ૩૯૯ કેસ નોંધાયા છે. બીજી તરફ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૧ કેસ સામે આવ્યા છે, નવ દર્દી સાજા થતાં કોવિડ મુક્ત થયા છે, આ સાથે જ ગુજરાતમાં અત્યારે કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૬૧ને પાર થઈ છે.

ગુજરાતમાં અત્યારે કોરોના એકંદરે નિયંત્રણમાં છે, અલબત્ત, સ્વાઈન ફ્લૂ અને ન્યુમોનિયાના કેસ વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. શરદી ખાંસી, તાવ સહિત વાયરલ ઈન્ફેક્શનના કેસ વધુ સામે આવતાં હોઈ હોસ્પિટલોમાં દર્દીઓની કતારો લાગી રહી છે. તબીબોનું કહેવું છે કે, જેમને ગંભીર પ્રકારની બીમારી છે તેવા લોકોએ તકેદારી રાખવી જોઈએ, આવા લોકોએ જાહેરમાં માસ્ક પહેરવાનો આગ્રહ રાખવો જોઈએ. કોરોનાના જે પોઝિટિવ દર્દી આવી રહ્યા છે તેઓ મોટે ભાગે હોમ આઈસેલટમાં રહીને સાજા થઈ રહ્યા છે, કારણ કે નવા વેરિએન્ટની તીવ્રતા હાલ ઘાતક નથી. એ કારણે જ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના દાખલ દર્દીઓની સંખ્યા નહિવત્ પ્રમાણમાં છે.

સ્વાઈન ફ્લૂ, ન્યુમોનિયા, વાયરલ ઈન્ફેક્શનનો રાફડો

આયુષ્યમાન યોજનામાં સારવાર પાછળ એક વર્ષમાં ૨૬૦૦ કરોડથી વધુનો ખર્ચ

। અમદાવાદ ।

ગુજરાતમાં વર્ષ ૨૦૨૨-૨૩ના અરસામાં ૯.૦૮ લાખ વ્યક્તિને વિવિધ બીમારીમાં પીએમ-જેએવાય અંતર્ગત સારવાર આપવામાં આવી છે, જેની પાછળ ૨,૬૨૩ કરોડથી વધુનો ખર્ચ થયો છે. એકંદરે સારવાર પાછળના ખર્ચમાં સતત જંગી વધારો થઈ રહ્યો છે, વર્ષ ૨૦૨૦-૨૧માં ૮.૨૩ લાખ દર્દી પાછળ ૧,૧૩૨ કરોડ જેટલો ખર્ચ થયો હતો, આમ ગુજરાતમાં તબીબી સારવાર અત્યંત ખર્ચાળ બની રહી છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૧-૨૨ના અરસામાં ૫.૫૮ લાખથી વધુ લાભાર્થીને સારવાર આપવામાં આવી હતી, જેની પાછળ ૧૫૯૭ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. સરકારના આરોગ્ય વિભાગના ડેટા પ્રમાણે ગુજરાતમાં ૨.૩૪ કરોડ આયુષ્યમાન કાર્ડ ઈશ્યૂ કરવામાં આવ્યા છે.

લેણાં બાકી હશે તે સભ્ય સોસાયટીની મીટિંગમાં ભાગ નહીં લઈ શકે

ત્રણ માસથી વધુ મેન્ટેનન્સ બાકી હોય તે સભ્ય સોસાયટીમાં ડિફોલ્ટર ગણાશે : સુપ્રીમ કોર્ટ

। અમદાવાદ ।

બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ મુજબ તથા સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ મુજબ રજિસ્ટર થયેલા ટ્રસ્ટના કેસમાં સુપ્રિમ કોર્ટે એક ચુકાદામાં ઠરાવ્યું છે કે ત્રણ માસથી વધારે મેન્ટેન્સ બાકી હોય તે સભ્યને સોસાયટીમાં ડિફોલ્ટર ગણવામાં આવશે. સુપ્રિમ કોર્ટની ખંડપીઠે નોંધ્યું છે કે, જે સભ્યોના લેણાં બાકી હશે તે સભ્ય સોસાયટીની મિટીંગમાં કે પ્રોગ્રામમાં ભાગ લઈ શકશે નહીં. સોસાયટી ડિફોલ્ટર સભ્યની કોઈ પણ જાતની ફરિયાદ સાંભળશે નહીં. સોસાયટીના મકાનની ટ્રાન્સફર ફી આપી ના હોય તે સોસાયટીના મેમ્બર્સ ગણાશે નહીં.

મુંબઈના નાગપુરમાં શિક્ષણ પ્રસારક મંડળ ૧૯૪૬થી સખાવતી સોસાયટી તરીકે સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ નોંધાયેલ છે. સોસાયટીએ તેના નિયમો ઘડ્યા છે. પાછળથી સોસાયટીને બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ સાર્વજનિક ટ્રસ્ટ તરીકે રજિસ્ટર કરવામાં આવી હતી. સોસાયટીના નિયમો અને તેના પેટા-નિયમો તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા અને ટ્રસ્ટ એક્ટ હેઠળ યોગ્ય રીતે નોંધણી કરવામાં આવી હતી. આ ચુકાદો એવી સોસાયટી પર છે જે કો-ઓપ સોસાયટી એક્ટ હેઠળ નોંધાયેલ છે અને સોસાયટી રાજીનામું અધિનિયમ હેઠળ જે ચેરિટી કમિશનર ઓફિસ સમક્ષ રજિસ્ટર થયેલ છે. સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટની કલમ ૧૫ હેઠળ જે વ્યક્તિ ચેરિટી કમિશનર ઓફિસ હેઠળ નોંધાયેલ સોસાયટીના સભ્યો છે. જો તેમણે ફી ન ભરી હોય તો તેઓ ચૂંટણી ફોર્મ ભરી શકતા નથી. જે સોસાયટીઓ રજિસ્ટર્ડ છે તેમાં હાઉસિંગ કો-ઓપ સોસાયટીઓ નથી પરંતુ તે બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ સોસાયટી હેઠળ હોવી જોઈએ.

મેરેજ હોય કે પછી ફંકસન
મીઠાઈ તો SS SWEETS નીજ
૯૦૦ થી વધુ મીઠાઈઓ
રીયલ દુધમાંથી બનાવેલ સ્ટાન્ડર્ડ મીઠાઈ મળશે.
ઓર્ડર તથા ટેસ્ટીંગ માટે આજે જ પધારો
SS SWEETS RAJKOT SINCE 1984
Main Branch: Mavdi Main Road, Opp. Fuliya Hanuman, Rajkot.
☎ 74054 77177, 76009 70077
Branch: Shop No. 2, S.T. Bus Station, Dhebar Road, Rajkot.
☎ 70699 70077, 70698 70077

આંતરરાષ્ટ્રીય વેપાર મેળો
તા. ૧૧,૧૨ અને ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪
સ્થાનિક વેપાર વૃધ્ધિ સાથે
એક તક નિકાસ વેપાર ની પણ ખરી
SVUM 2024 INTERNATIONAL TRADE SHOW
Saurashtra Vepar Udyog Mahamandal
25000 કરતા વધુ લોકલ વિઝિટર્સ અને
100 કરતા વધુ વિદેશી ગ્રાહકો
સ્થળ:- NSICગ્રાઉન્ડ, આજી વસાહત, 80 ફૂટ રોડ, રાજકોટ
સમય :- સવારે 10 થી સાંજે 6
SUPPORTED BY INDEXTb Gujarat GMDC
સંપર્ક :- +91 88661 68873 | +91 91069 37430

For the First Time in 25 Years
DHAMAKA!
30% OFF on the entire stock!
40% OFF on selected GOODS!
Artefacts • Statues • Show Pieces • Urli
Tray Sets • Table Decor • Toran • Candle Stands
Bedsheets • Comforters • Dohars
Table Covers • Table Mats • Foot Mats
indiana Since 1999
Shiv Ashish Complex, Opposite Mahila College,
Nr. Under Bridge, Kalavad Road, Rajkot - 360001

ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડ
ટ્રાન્સમીશન ડિવીજન સાવરકુંડલા

GETCO

વિજ પુરવઠો બંધ રહેવાની નોટીશ

"વીજ બચત એજ વીજ ઉત્પાદન"

નીચે દાર્શાવેલ સબ સ્ટેશનમાંથી વીજ પુરવઠો મેળવતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે દર્શાવેલ તારીખ અને સમયે સબ સ્ટેશન તથા લાઈન નું અગત્યનું સમારકામ કરવાનું હોય તે મુજબ વીજ પુરવઠો મળી શકશે નહી.કામ વહેલું પૂરું થયે કોઈ પણ પ્રકાર ની જાણકર્યા વગર વિજ પુરવઠો પુન:સ્થાપિત કરવામાં આવશે. જેની નોધ લેવા વિનંતી.

અનું.નં.	સબ સ્ટેશન નું નામ	તારીખ	વાર	સમય
૧	૬૬ કેવી દેવળા સ/સ	૦૬/૦૨/૨૦૨૪	મંગળવાર	૦૮: ૦૦ થી ૧૭:૦૦

કાર્યપાલક ઇજનેર પ્રવહન
સાવરકુંડલા

ગોંડલ વોરાકોટડા રોડ ઉપર બાવળની કાંટમાંથી ૧.૯૨ લાખનો દારૂ ઝડપાયો

ગોંડલ : ગોંડલનાં વોરાકોટડા રોડ પર બાવળ ની કાંટમાં થી પોલીસે રૂ.૧,૯૨,૬૦૦ ની કિંમત નો વિદેશી દારૂનો જથ્થો જડપી લઇ કાર્યવાહી હાથ ધરી હતી. એલસીબી પી,આઇ વી.વી.ઓડેદરા તથા એલ.સી.બી. સ્ટાફ ગોંડલ શહેરમાં પેટ્રોલીંગમાં હોય જે દરમ્યાન ખાનગી હકિક્ત મળેલ કે ઇરફાન હસનભાઇ કટારીયા રહે.ગોંડલ વોરાકોટડરોડ હુડકો ક્વાટર ચીશ્તીયા મસ્જીદ પાસે પોતાના મકાનની પાછળના ભાગે બાવળની કાંટમાં ઇગ્લીશ દારૂનો જથ્થો વેચાણ કરવાના ઇરાદે રાખેલ હોય જે હકીક્ત આધારે તે જગ્યાએ રેઇડ કરતા ઇગ્લીશ દારૂના જથ્થો મળી આવતા પ્રોહીબીશન એક્ટ હેઠળ બી-ડીવી ગોંડલ શહેર પોલીસ સ્ટેશનમાં કાર્યવાહી કરવામા આવેલ હતી. આ કેસ માં આરોપીને અટક કરવા પર બાકી હોય અલગ અલગ બ્રાન્ડની ઇગ્લીશદારૂની બોટલો નંગ-૫૭૨ કી. રૂ.૧,૯૨,૬૦૦/- કબજે કરવા આવી હતી.

સંદેશ ક્લાસિફાઈડ
નોકરીવિષયક । પ્રોપર્ટીવિષયક । લગ્નવિષયક । યાત્રાપ્રવાસ । શૈક્ષણિક
। વાહનબજાર । ધંધાદારી । વ્યવસાયલક્ષી । જ્યોતિષ । વિવિધ । અન્ય ।

જ્યોતિષ

મહાદેવ જ્યોતિષ
૨૧ કલાકમાં કામની ગેરંટી
લવ પ્રોબ્લેમ સ્પેશ્યાલીસ્ટ
ગુપ્તધન સ્પેશ્યાલિસ્ટ
પત્થર જેવા કઠીન ગુપ્તધનનાં કાર્યો પુરા કરવામાં આવશે
લવ પ્રોબ્લેમ, મૂઠચોટ, છૂટાછેડા, લગ્ન-સગાઈમાં રૂકાવટ, ઘરમાં અણબનાવ દારૂ છોડાવો, સૌતનત્રાસ, સંતાન પ્રાપ્તિ અફેર, મેલીવસ્તુ, ફસાયેલા નાણાં
સ્ટ્રોંગ વશીકરણ પ્રેમમાં નિરાશ ખાસ
ઘરે બેઠા કામ અમદાવાદ 9328203522

મહાકાલી શિવ જ્યોતિષ
(કાલી ઉપાસક) ૧૦૦% ગેરંટી સાથે
૫ કલાકમાં કામ
લવ- પ્રોબ્લેમ, એક તરફી પ્રેમ છુટાછેડા, મેલી વસ્તુ, પતિ-પત્ની ઝઘડો, ગુપ્તધનના જાણકાર, ધારેલી સ્ત્રી સ્ટ્રોંગ વશીકરણ સ્પે.
ઘરેબેઠા કોઈપણ કામ (છેલ્લો ઉપાય) સ્મસાણિક, તાંત્રિક, કાલી વિદ્યાથી કામ
બધા કાર્ય ફ્રી માં (લાઈવ)
70997 06447
Jalaram

જયયોગા
Astrologer Mohit Joshi
તાંત્રીક વિધીથી પથ્થર જેવી કઠિન સમસ્યાનું ફોન ઉપર ૨૪ કલાકમાં અરજન્ટ સમાધાન
લવ એક્સ્ટ્રા અફેર • બ્રેકઅપ • લવમેરેજ ઘારેલુ મિલન • ફેમીલી પરમીશન સગાઇ તોડવાની • છુટાછેડા • મોહીની વશીકરણ • સૌતન મુક્તિ • જાદુટોના નિવારણ ગુપ્તધન • માયા પ્રાપ્તિ • ગડાધન
શાસ્ત્રીનગર-અમદાવાદ
9867 501 555
81072 90184

મસાણીયા અઘોરી બાપુ
ફિ કામ પછી
સાત કામનાં સમ્રાટ
૨ કલાકમાં રિઝલ્ટ
વશીકરણ મોહીની મૂઠચોટ
શત્રુનાશ લવ પ્રોબ્લેમ
છૂટાછેડા એકતરફી પ્રેમ
ફસાયેલા નાણાં નોકરી ધંધો
ધારેલી વ્યક્તિનું મિલન
સ્ત્રી-પુરુષ અંગત સમસ્યા
ઘરેબેઠા આંગડીયા દ્વારા કામ
8769877027

અગત્યનું સુચન
વિજ્ઞાપનદાતાએ આપેલ માહિતિ ઉપર વિશ્વાસ મુકતા પહેલા વાચકે પુરી ચકાસણી કરી લેવી. વિજ્ઞાપનદાતાની ઉંમર, આવક, દરજ્જો કે અન્ય કોઈપણ વિગત સાચી અથવા ખોટી હોવા અંગે અમો બાહેંધરી લેતા નથી.
- વ્યવસ્થાપક

નોકરી ખાલી છે

એકાઉન્ટસ
જોઇએ છે એકાઉન્ટન્ટ અનુભવી, રાવકી, રાજકોટ. મો. 9825079972.
0040411836

અન્ય
Pinky પાર્ટ ટાઇમ, સ્ત્રી, પુરૂષ 15000-20,000 આવક મેળવો- 7698803109.
0040412413

સંદેશ
ડિસ્પ્લે ક્લાસિફાઈડ
ઓછા ખર્ચે બહોળી પ્રસિદ્ધી
રાજકોટ આવૃત્તિ
રૂ.95 સ્કે. સેમી. (GST EXTRA)
દરરોજ પ્રસિધ્ધ થાય છે
સ્પે. સ્કીમ
3 પેઈડ + 1 ફ્રી
7 પેઈડ + 3 ફ્રી
13 પેઈડ + 7 ફ્રી
Ph.: 0281-2446627,
Mo. 9099980068
સંદેશ કાર્યાલય
મોટી ટાંકી ચોક, રાજકોટ

ફોર્મ એ
સાર્વજનિક જાહેરાત
(ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા
(કોર્પોરેટ વ્યક્તિઓ માટેની ઇન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ) નિયમનો, ૨૦૧૬ના નિયમન ૬ હેઠળ)

વદરાજ સિમેન્ટ લિમિટેડના ક્રેડિટરોની જાણ માટે

સંબંધિત વિગતો		
૧.	કોર્પોરેટ ડેબ્ટરનું નામ	વદરાજ સિમેન્ટ લિમિટેડ
૨.	કોર્પોરેટ ડેબ્ટરના ઇન્કોર્પોરેશનની તારીખ	૨૬/૦૨/૧૯૯૬
૩.	ઓથોરિટી જેની હેઠળ કોર્પોરેટ ડેબ્ટર ઈન્કોર્પોરેટેડ/રજિસ્ટર્ડ થયા છે તે	રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ-મુંબઈ
૪.	કોર્પોરેટ ડેબ્ટરનો કોર્પોરેટ આઇડેન્ટિટી નં./ લિમિટેડ લાયેબલિટીઝ આઇડેન્ટિફિકેશન નં.	U36941MH1996PLC185707
૫.	કોર્પોરેટ ડેબ્ટરની રજિસ્ટર થયેલ ઓફિસનું સરનામું અને મુખ્ય ઓફિસ (જો હોય તો)	ત્રીજો માળ, લોઇડ્ઝ સેન્ટર પોઇન્ટ, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી મુંબઈ, મુંબઈ, મહારાષ્ટ્ર-૪૦૦૦૨૫
૬.	કોર્પોરેટ ડેબ્ટરની બાબતે ઇન્સોલ્વન્સી આરંભ તારીખ	૦૨/૦૨/૨૦૨૪
૭.	ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ બંધ થવાની અંદાજિત તારીખ	૩૧/૦૭/૨૦૨૪
૮.	વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે કાર્યરત ઇન્સોલ્વન્સી પ્રોફેશનલનું નામ અને રજિસ્ટ્રેશન નંબર	પુલકિત ગુપ્તા IBBI/IPA-001/IP-P02364/2021-2022/13697
૯.	વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલનું બોર્ડ સાથે નોંધાયેલ સરનામું અને ઈ-મેલ	સરનામું: ઈવાય રિસ્ટ્રક્ચરિંગ એલએલપી, ૩જો માળ, વર્લ્ડમાર્ક ૧, આઇજીઆઇ એરપોર્ટ હોસ્પિટાલિટી, જિલ્લો એરોસિટી, નવી દિલ્હી ૧૧૦૦૩૭ ઈ-મેલ: pulkit.gupta@in.ey.com
૧૦.	વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ સાથે પત્રવ્યવહાર કરવા માટેનું સરનામું અને ઈ-મેલ	સરનામું: ઈવાય રિસ્ટ્રક્ચરિંગ એલએલપી, ૧૯મો માળ, ધ રૂબી, ૨૯ સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૨૮ ઈ-મેલ: cirp.vcl@gmail.com
૧૧.	દાવા જમા કરવાની અંતિમ તારીખ	૧૬/૦૨/૨૦૨૪
૧૨.	ક્રેડિટરોનો વર્ગ, જો હોય તો, કલમ ૨૧ની પેટા-કલમ (૬એ)ની ક્લોઝ (બી) હેઠળ, વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ દ્વારા સુનિશ્ચિત કરાયેલ	લાગુ પડતું નથી
૧૩.	વર્ગમાં ક્રેડિટરોના અધિકૃત પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા માન્ય ઇન્સોલ્વન્સી પ્રોફેશનલ્સના નામ (દરેક વર્ગ માટે ત્રણ નામ)	લાગુ પડતું નથી
૧૪.	(એ) સંબંધિત ફોર્મ્સ અને (બી) અધિકૃત પ્રતિનિધિઓની વિગતો અહીં ઉપલબ્ધ છે:	વેબ લિન્ક: https://ibbi.gov.in/home/downloads ફિઝિકલ સરનામું : લાગુ પડતું નથી

આથી અહીં નોટિસ આપવામાં આવે છે કે નેશનલ કંપની લૉ ટ્રિબ્યૂનલે **વદરાજ સિમેન્ટ લિમિટેડ**ની કોર્પોરેટ ઇન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસની શરૂઆતનો હુકમ **૨ ફેબ્રુઆરી, ૨૦૨૪**ના રોજ કરેલ છે.

આ **વદરાજ સિમેન્ટ લિમિટેડ**ના ક્રેડિટરોને, અહીં તેમના દાવાઓ પુરાવા સાથે **૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪**ના રોજ અથવા તે પહેલા વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલના અ. નં. ૧૦ સામે દર્શાવેલ સરનામે જમા કરવા જણાવવામાં આવે છે.

નાણાકીય ક્રેડિટરોએ તેમના દાવાઓ પુરાવા સહિત માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમથી cirp.vcl@gmail.com પર જ જમા કરાવવા. તમામ અન્ય ક્રેડિટરોએ દાવાના પુરાવા રૂબરૂ, ટપાલ દ્વારા અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમથી જમા કરાવી શકશે.

દાવાઓના ખોટા અને ગેરમાર્ગે દોરનારા પુરાવા દંડનીય ગણાશે.

વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલનું નામ અને હસ્તાક્ષર

પુલકિત ગુપ્તા
વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ
રજિ. નં. IBBI/IPA-001/IP-P02364/2021-2022/13697
સરનામું : ઈવાય રિસ્ટ્રક્ચરિંગ એલએલપી, ૩જો માળ, વર્લ્ડમાર્ક ૧,
આઇજીઆઇ એરપોર્ટ હોસ્પિટાલિટી, જિલ્લો એરોસિટી, નવી દિલ્હી ૧૧૦૦૩૭

તારીખ અને સ્થળ : ૦૫/૦૨/૨૦૨૪, મુંબઈ

ICICI Bank | **બ્રાંચ ઓફીસ :** આઈસીઆઈસીઆઇ બેંક લીમીટેડ, જયહિન્દ એનેકસ, શારદા બાગની સામે, ધરમ સિનેમા પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧.

જાહેર નોટીસ - ટાંચમાં લીધેલ સંપત્તિના વેચાણ સહ ઈ-હરરાજી માટેનું ટેન્ડર

સિક્યુરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના રૂલ્સ ૮ (૬) હેઠળ જંગમ અસ્કયામતનું ઈ-ઓકશન વેંચાણ નોટીસ

કરજદારો અને જામીનદારોને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મળેલ સત્તાની રૂએ આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડની બાકી માટે નીચે જણાવેલ અસ્કયામતનો અધિકૃત અધિકારી દ્વારા ભૌતિક કબજો લેવામાં આવેલ છે. નીચે સહી કરનારે જયાં છે જેમ છે અને જે છે એ આધારે અહીં નીચે સંક્ષિપ્તમાં જણાવેલ સ્થાવરમિલ્કતની ખરીદી કરવા માટે સીલ કવરમાં ઓફર આમંત્રિત કરવામાં આવે છે.

અનુ નં. (એ)	દેવાદાર/રો, સહદેવાદાર/રો જામીનદારોના નામ/ લોન એકાઉન્ટ નંબર (બી)	ટાંચમાં લીધેલ મિલ્કતની વિગત (સી)	બાકીની રકમ (ડી)	અનામત કિંમત / જમા કરાવવાની બાનાની રકમ (ઈ)	મિલ્કત નિરીક્ષણની તારીખ અને સમય (એફ)	ઈ-હરાજીની તારીખ અને સમય (જી)
૧.	ભાયાણી મનિષભાઈ નરેશભાઈ (દેવાદાર)/ ભાયાણી નીપાબેન મનિષભાઈ (સહ-દેવાદાર) લોન અકાઉન્ટ નં. LBRAJ00005391120.	ફ્લેટ નં. ડી-૫૦૪, પાંચમો માળ, વ્રજધામ-ડી, શાંતિનગર, ૮૦ ફુટ રોડ, પાણીની ટાંકી, રામાપીર ચોકડી, ૧૫૦ ફુટ રીંગ રોડ, રેવન્યુ સર્વે નં. ૨૨૧, પ્લોટ નં. ૨૨૪ થી ૨૪૩, રાજકોટ-૩૬૦૦૦૫. ક્ષેત્રફળ બિલ્ટ અપ એરીયા ૫૮.૩૧ ચો. મીટર- ફ્રી હોલ્ડ પ્રોપર્ટી	₹ ૨૭,૨૩,૨૯૮/- (૨૯ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ)	₹ ૨૯,૦૫,૦૦૦/- ૨,૯૧,૦૦૦/-	૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ સુધી	૧૯ માર્ચ, ૨૦૨૪ સવારે ૧૧:૦૦ થી
૨.	કિશનભાઈ નરશીભાઈ સખરેલીયા (દેવાદાર)/ જય કિશનભાઈ સખરેલીયા (સહ-દેવાદાર) લોન અકાઉન્ટ નં. LBRAJ00006147272, LBRAJ00006231352.	ફ્લેટ નં. ૧૦૪, ચોથો માળ, ડાયમંડ એપાર્ટમેન્ટ, બેક બોન પાર્ક, બાલાજી હોલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, સર્વે નં. ૧૩૨, પ્લોટ નં. ૧ થી ૭, પેટા પ્લોટ નં. ૬/સી, ૬/ડી, રાજકોટ-૩૬૦૦૦૪. ક્ષેત્રફળ બિલ્ટ અપ એરીયા ૧૦૧.૪ ચો. મીટર- ફ્રી હોલ્ડ પ્રોપર્ટી	₹ ૬૭,૩૮,૦૩૦/- (૨૯ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ)	₹ ૫૫,૮૧,૦૦૦/- ૫,૫૯,૦૦૦/-	૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ બપોરે ૧૨:૦૦ થી બપોરે ૦૧:૦૦ સુધી	૧૯ માર્ચ, ૨૦૨૪ સવારે ૧૧:૧૫ થી

હરરાજીની એજન્સી મેસર્સ નેકસજેન સોલ્યુસન્સ પ્રાઈવેટ લીમીટેડની વેબસાઈટ (URL Link https://disposalhub.com) પર આ ઓનલાઈન હરરાજી યોજવામાં આવશે. ગીરો મુકનારને ૧૮-૦૩-૨૦૨૪ના સાંજે ૦૪-૦૦ વાગ્યા સુધી બાકી રકમ તથા તેના પરનુંવ્યાજ ભરી જવા માટે છેલ્લી તક છે જો તેમ નહી થાય તો ગીરો મિલ્કત તેના નકકી કરવામાં આવેલ કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે.

ઈચ્છુક બીડરોએ ઉપરોકત જણાવેલ બાનાની રકમ જે કોલમ નં. (ઈ)માં જણાવેલ છે તે રકમ આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ, જયહિન્દ એનેકસ, શારદા બાગની સામે, ધરમ સિનેમા પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧ ખાતે ૧૮-૦૩-૨૦૨૪ બપોરે ૦૩-૦૦ વાગ્યા પહેલા મળે તે રીતે જમા કરાવવી અને ત્યાં તેઓએ ઉપરોત જણાવેલ વેબસાઈટ દ્વારા તેમની ઓફર તા. ૧૮-૦૩-૨૦૨૪ સાંજે ૦૪-૦૦ વાગ્યા પહેલા રજૂ કરવાની રહેશે અને તેની સાથે બેંકે સ્વીકારેલ ડીડીની સાબીતી માટે બાનાની રકમના ફોટો કોપી અપલોડ કરવાની રહેશે જો ઈચ્છુક બીડરો અનિવાર્ય કારણોસર તેમની ઓફર ઉપરોકત જણાવેલ વેબસાઈટ દ્વારા મોકલી ન શકે તો ટેન્ડર દસ્તાવેજની સહી કરેલી કોપી આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ, જયહિન્દ એનેકસ, શારદા બાગની સામે, ધરમ સિનેમા પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧ ખાતે ત્યારે જ અથવા ૧૮-૦૩-૨૦૨૪ સાંજે ૦૫-૦૦ વાગ્યા પહેલા રજૂ કરવાની રહેશે ઈએમડી, ડીડી, પીઓ, નેશનલાઈઝ અથવા શીડયુલ બેંકનો આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ નામનો અને રાજકોટ ખાતે ચુકવણી થાય તેવો હોવો જોઈએ.

નિરીક્ષણ, ઈ-હરરાજીની શરતો અને નિયમો, ટેન્ડર્સ સુપ્રત કરવા, વિગેરે અંગેની વધારે સ્પષ્ટતા માટે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડના મોબાઈલ નં. ૮૩૫૬૮૪૬૮૮૪/૭૫૭૩૦૨૪૨૯૭ ઉપર સંપર્ક કરવો.

આ સાથે નોંધ લેવી કે (૧) મેસર્સ નેકસજેન સોલ્યુસન્સ પ્રાઈવેટ લીમીટેડ (૨) ઓજીયો એસેટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ માર્કેટીંગ એજન્સીઓ પણ આ સંપતીના વેચાણની સુવિધા માટે જોડાયેલ છે.

સતાવાર અધિકારીને કોઈપણ બીડ રદ કરવાનો કોઈપણ પ્રકારના કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર છે.

વેચાણની શરતો અને નિયમોની વધારે માહિતી જોઈતી હોય તો આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડની વેબસાઈટ https://www.icicibank.com/n4p4s પર જવું

તારીખ : ૦૫-૦૨-૨૦૨૪
સ્થળ : રાજકોટ

અધિકૃત અધિકારી,
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

આજનું પંચાંગ

- ભૂપેન્દ્ર ધોળકિયા

સૂર્યોદયાદિ રાજકોટ :	સૂર્યોદય	નવકારશી	સૂર્યાસ્ત
	૭-૨૪	૮-૧૨	૧૮-૩૮

દિવસનાં ચોઘડિયાં
૧. અમૃત, ૨. કાળ, ૩. શુભ, ૪. રોગ, ૫. ઉદ્વેગ, ૬. ચલ, ૭. લાભ, ૮. અમૃત.

રાત્રિનાં ચોઘડિયાં
૧. ચલ, ૨. રોગ, ૩. કાળ, ૪. લાભ, ૫. ઉદ્વેગ, ૬. શુભ, ૭. અમૃત, ૮. ચલ.

વિંછુડો, વેધશાળા, સ્થાપના દિન.

વિક્રમ સંવત : ૨૦૮૦. પોષ વદ દશમ સોમવાર, તા. ૦૫-૦૨-૨૦૨૪.
વીર (જૈન) સંવત : ૨૫૫૦
શાલિવાહન શક : ૧૯૪૫
યુગાબ્દ (કલિ) : ૫૧૨૫.
ભારતીય દિનાંક : ૧૬ માધ
પારસી માસ : શહેરેવર.
રોજ : ૨૪ દીન.
મુસ્લિમ માસ : રજ્જબ
રોજ : ૨૪
દૈનિક તિથિ : વદ દસમ ક.૧૭-૨૫ સુધી.
ચંદ્ર નક્ષત્ર : અનુરાધા ક. -૭-૫૪ સુધી. પછી: જ્યેષ્ઠા.
ચંદ્ર રાશિ :વૃશ્ચિક (આખો દિવસ).
જન્મ નામાક્ષર : વૃશ્ચિક (ન-ય)
કરણ : વિષ્ટિ/બવ/બાલવ.
યોગ : ધ્રુવ ક.૧૦-૫૨ સુધી. પછી : વ્યાઘાત.

વિશેષ પર્વ : વિંછુડો. વિષ્ટિ (ભદ્રા) ક. ૧૭-૨૫ સુધી. * મંગળ મકર રાશિમાં પ્રવેશ ક. ૨૧-૪૨. * જયેષ્ઠા નક્ષત્રમાં જન્મ હોય તેવી વ્યક્તિને નક્ષત્ર શાંતિ પૂજા માટે યોગ્ય દિવસ. * ચંદ્ર અને જયેષ્ઠા નક્ષત્રના યોગ તારાની યુતિ. વૈષ્ણવ: પીળી ઘટાના દર્શન. નાથદ્વારા. * સુપ્રસિદ્ધ ખગોળશાસ્ત્રી-સંદેશ પંચાંગના આદ્ય ગણિતકર્તા પ્રા. હરિહરભાઈ ભટ્ટની ષષ્ટિપૂર્તિ સ્મારક વેધશાળા- અમદાવાદનો સ્થાપના દિવસ. * કૃષિ જ્યોતિષ: પશુઓની લેવડ-દેવડ માટે શુભ. સારી જાતની મગફળી, કંદમૂળ-લસણમાં સુધારાતરફી હવામાન જોવા મળે. ઠંડીનો પ્રભાવ જણાય.
રાહુકાલ : દિવસે ક. ૭-૩૦થી ૯-૦૦.

આજની રાશિ

- મહેશ રાવલ

મેષ	અ.લ.ઈ.	શુભ અને પ્રગતિકારક સમય, મહત્ત્વની મુલાકાત થાય, પ્રવાસથી લાભ.
વૃષભ	બ.વ.ઉ.	ચિંતા-સમસ્યાઓ દૂર થઈ હલ મળે. આરોગ્ય જળવાય, સાનુકૂળ દિવસ.
મિથુન	ક.છ.ઘ.	નાણાકીય અને વ્યવસાયિક લાભ વધે, સંતાનના કામ અંગે સાનુકૂળ.
કર્ક	ડ.હ.	શુભ-મંગલ અને નસીબવતું વર્ષ જણાય, તબિયત સાચવવી.
સિંહ	મ.ટ.	ખર્ચ-વ્યય તબિયત, ચિંતા છતાં એકંદરે વિકાસનું વર્ષ બને, પ્રિયજનથી મનમેળ.
કન્યા	પ.ઠ.ણ.	તણાવ- છતાં વ્યવસાયિક પ્રગતિ, અગત્યની તક મળે, મનોકામના પૂર્ણ.
તુલા	ર.ત.	નાણાકીય આયોજન- અને વ્યવસ્થા જરૂરી બને, સાવચેતી રાખવી.
વૃશ્ચિક	ન.ય.	ધીરજ રાખી આગળ વધી શકાય,અને ધીમી છતાં સારી પ્રગતિ રહે.
ધન	ભ.ફ.ઢ.ધ.	પ્રયત્નોનું મીઠું ફળ પ્રગતિકારક છે. તબિયત, કૌટુંબિક તણાવ રહે.
મકર	ખ.જ.	તબિયતની ચિંતા રહે,ઘરના પ્રશ્નો ઉકેલાય, વ્યવસાયમાં લાભ.
કુંભ	ગ.શ.સ.	તાણ-ટેન્શનમાં રહેવા છતાં નાણાકીય ચિંતાનો રસ્તો મળી શકે, તબિયત જળવાય.
મીન	દ.ચ.ઝ.થ.	અગત્યના કામકાજો સફળ બને. સાંસારિક, ધાર્મિક કાર્યો થાય.

વર્ડ વિઝડમ

૧		■	૨	૩	■	૪		૫
	■	૬			૭		■	
૮	૯		■	૧૦			■	
૧૧		■	૧૨			■	૧૩	
■	૧૪	૧૫	■	■	■	૧૬		■
૧૭	■	૧૮		૧૯	■	૨૦		
૨૧	૨૨		■	૨૩	૨૪	■		■
■	૨૫			■	૨૬		■	૨૭
૨૮			■	૨૯		■	૩૦	

અહીં આપેલા શબ્દો, જોડકણાં દ્વારા ઉપરોક્ત ખાના ભરીને તમારું શબ્દ ભંડોળ વધારો. તમારી વિચારશૈલી વધારો.

[illegible]

*** લેફ્ટ ટુ રાઈટ**
(૧) સિઝન (૨)
(૨) મરણ, મૃત્યુ (૨)
(૪) ખેપિયો (૩)
(૬) જિતેન્દ્ર, મૌસમીની એક ફિલ્મ (૫)
(૮) શણગાર (૩)
(૧૦) મધ્ય-પૂર્વ એશિયાનો એક દેશ (૩)
(૧૧) બારણાની ભૂંગળ (૨)
(૧૨) દેવપૂજાનું પાણી (આ-અ) (૩)
(૧૩) આધાર, મૂળ (૨)
(૧૪) એક વિદેશી દારૂ (૨)
(૧૬) અક્ષય ખન્નાની એક ફિલ્મ :..... સજા કેરખના (૨)
(૧૮) સેવક (૩)
(૨૦) લાઈન, હરોળ (૩)
(૨૧) હરિયાણાનું એક પર્વતીય સ્થળ (૩)
(૨૩) કાંઠો, કિનારો (૨)
(૨૫) સમત્વ, સરખાપણું (૩)
(૨૬) ત્યાં થઈને (૨)
(૨૮) ગણતરી (૩)
(૨૯) ચાર પૈસાની કિંમતનું નાણું (૨)
(૩૦) પ્રકાશ, પ્રભા (૨)

*** ટોપ ટુ બોટમ**
(૧) એક ઋષિ (૪)
(૨) માસીના પતિ (૨)
(૩) જરા અને વ્યાધિ દૂર કરનાર ઔષધ (૪)
(૪) વન, જંગલ (૩)
(૫) માસિક, પગાર (૪)
(૬) લવ, ઈશ્ક (૨)
(૭) ઓકવું તે, ઊલટી (૩)
(૯) એક કંદ (૩)
(૧૩) એક જૈન તીર્થ (૪)
(૧૫) મનની ઈચ્છા-કામના (૫)
(૧૬) કોટ, ગળું (૨)
(૧૭) કલ્પિત, ભય (૨)
(૧૯) ચણોઠી જેટલું કદ (૨)
(૨૨) એક કંદ (૩)
(૨૪) મોકલેલું, વિદાય કરેલું (૩)
(૨૭) સંતોષ (૨)

સુડોકુ 5815

૪	૮		૬	૫	૧			૩
૯			૨		૮		૪	
	૬	૨	૯					૮
		૧				૩		૯
			૧		૬			
૭		૮				૧		
૧					૭	૯	૩	
	૨		૫		૯			૭
૮			૪	૩	૨		૬	૧

સુડોકુ 5814નો ઉકેલ

૨	૩	૪	૧	૯	૬	૭	૫	૮
૧	૯	૭	૨	૮	૫	૬	૩	૪
૮	૬	૫	૪	૭	૩	૧	૯	૨
૯	૨	૧	૬	૩	૮	૫	૪	૭
૩	૫	૮	૯	૪	૭	૨	૬	૧
૭	૪	૬	૫	૨	૧	૯	૮	૩
૬	૧	૩	૭	૫	૪	૮	૨	૯
૫	૮	૨	૩	૧	૯	૪	૭	૬
૪	૭	૯	૮	૬	૨	૩	૧	૫

આપેલા ચોરસ સમૂહમાં એવી રીતે ખૂટતા અંક ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને ૩X૩ના બોક્સમાં ૧થી ૯ સુધીના આંકડા આવે. ચોરસ સમૂહમાં આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિં. તમારે એ સિવાયના ખૂટતા અંકો મેળવવાના છે. તો કરો મગજમારી...!